R.N.I. No. : GUJGUJ/2000/447-##Dkphgdedg#Mxulvglfwlrq

અયૂબ ૪૦ : ૧૯

નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :##kwws=22#mdjdglvkfkulvwldq1frp###hpdlo=jduylqdynudqw#C#jdkr1frp

YEAR-29 • ISSUE: 25 DATE: 20-06-2020• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

L#xqghoyhuhg#so#uhwxuq#wr>
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

અમેરિકામાં રંગભેદના વિરોધમાં ચાલી રહેલા પ્રદર્શનો હિંસક બન્યા : અમેરિકાના પ્રમુખને સલામતી માટે બંકરમાં લઇ જવાયા

અમેરિકામાં એક અશ્વેત નાગરિક જોર્જ ફ્લોઈડના પોલીસ કર્મચારીના ટોર્ચર બાદ મૃત્યુ થતાં દેશભરમાં તેના સામે ઉગ્ર પ્રદર્શનો થયાં. તેના પગલે ૪૦ શહેરોમાં કરફ્યુ લાદવો પડ્યો. વોશિંગ્ટન ડીસીમાં પ્રદર્શનકારીઓ વ્હાઈટ હાઉસ બહાર જમાવડો કરતાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સુરક્ષિત બંકરમાં લઈ જવાની ફરજ પડી હતી.રંગભેદના બહાને ઊભી થયેલી હિંસા ચારેબાજુ પ્રસરી ગઈ હતી. જેમાં ટ્રમ્પના સર્પોટરો પણ બહાર આવી ગયા હતા. આ ઉપરાંત લોકોએ મોલ અને સ્ટોર્સમાં લુંટફાટ ચલાવી હતી.પ્રમુખ ટ્રમ્પે અલગ-અલગ શહેરોમાં હિંસા માટે દેશના ડાબેરીઓને જવાબદાર ઠેરવ્યા હતા. તોફાનીઓ નિર્દોષ લોકોને ડરાવી રહ્યા હતા.નોકરીઓને નષ્ટ કરી રહ્યા હતા. બિઝનેસને નુકશાન પહોચાડી રહ્યા હતા. અને બિલ્ડીંગોમાં આગ લગાવી હતી.અત્યાર સુધીમાં આ ઘટનાઓમાં પાંચ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.છેલ્લા એક દાયકામાં અમેરિકામાં આવો નાગરિક બળવો ક્યારેય જોવા મળ્યો નથી. સમગ્ર અમેરિકામાં ફ્લોયડના મોત બાદ ૧૪૦ શહેરમાં નાગરિક અધિકાર ગ્રુપો દ્વારા ઠેરઠેર પ્રદર્શન ચાલી રહ્યા છે. કેટલાક રાજ્યોમાં તો લોકો હિસાં પર ઉતરી આવ્યા હતા.જેના કારણે કરફ્યુ લાદી દેવામાં આવ્યો હતો. મિનેપોલીસ નામના શહેરમાં ૪૬ વર્ષના ફ્લોયડને પોલીસે રોડ પર પાડી નાંખીને તેના ગળા પર પગ મુકી દેતા તે મોતને ભેટ્યો હતો.આ ઘટનાને પગલે સમગ્ર અમેરિકામાં અશ્વેત અને શ્વેત નાગરિકો ટ્રમ્પની સરકાર સામે પડ્યા હતા. અને હિંસા પર ઉતરી આવ્યા હતા.

શિવસેનાએ સામનામાં લેખ લખીને ભાજપ સરકારને સવાલો પુછ્યા,વડાપ્રધાન મોદીએ કરેલી ભુલો કોણ સુધારશે ?

કેન્દ્રની એનડીએ સરકારના દ્રીતીય કાર્યકાળની પ્રથમ વર્ષગાંઠ પર ભાજપ પર કટાક્ષ કરતાં શિવસેનાએ કહ્યુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ‘ સક્ષમ ‘ નેતા છે. પરંતુ ૨૦૧૬ની નોટબંધી અને લાકડાઉન દરમિયાન જેમણે કોઈ કારણ વગર જીવ ગુમાવ્યા તેમને કેવી રીતે જીવીત કરી શકાશે. શિવસેનાએ કહ્યુ કે અયોગ્ય રીતે કરાયેલું લોકડાઉન અને પ્રવાસી શ્રમિકોનો મામલો ૧૯૪૭ની આઝાદી દરમિયાન શરણાર્થીઓની યાદ અપાવે છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં કહ્યુ છે કે મોદી દેશના વડાપ્રધાન છે. આદેશનું ભાગ્ય છે. એ દેશ અને અહીયા મુદ્દાઓને સમજે છે. એ સક્ષમ નેતા છે અને કોઈ પણ એવો નેતા નથી જે તેમની સામે ટકી શકે. આ લેખમા વધુમાં લખ્યુ છે કે મોદી વડાપ્રધાન તરીકે કેટલાક સારા નિર્ણય લીધા છે. પરંતુ ૬૦ વર્ષમાં જે રીતે કેટલીક ભુલો થઈ છે.એ રીતે એનડીએ સરકારના છ વર્ષમાં પણ ભુલો થઈ છે. મહારાષ્ટ્રમાં શિવસેનાના નેતૃત્વવાળી ગઠબંધન સરકારમાં કોંગ્રેસ પણ સામેલ છે.

સામનાના લેખમાં સવાલો પુછવામાં આવ્યા છે કે જે રીતે દેશમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યુ અને ગરીબ પ્રવાસી શ્રમિકોને મુશ્કેલી પડી એ ઘટનાની આઝાદીની શરણાર્થીઓની યાદ આવી ગઈ. શિવસેનાએ પુછ્યુ કે આ ભુલોને કોણ ઠીક કરશે ? ભારતનું સૌભાગ્ય છે કે મોદી દેશન ા નેતા છે પરંતુ લોકડાઉન અને નોટબંધી દરમિયાન જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેમને અમૃતથી જીવીત કરાશે ? શિવસેનાએ ભાજપના એ નેતાઓ પર પણ કટાક્ષ કર્યો જેમણે કહ્યુ કે દેશમાં એનડીએ સરકારના છ વર્ષમાં જે કામ થયું એ પહેલાં કયારેય થયું નથી.

અમેરિકામાં અભ્યાસ કર્યા બાદ ઇન્ટરનેશનલ સ્ટુન્ડટે ફરજીયાત વતન જવું પડશે

અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટેના નિયમો વધુ આકરા બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. હાલમાં અમેરિકામાં અભ્યાસ કરવા જતા વિદેશી વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટનું સ્ટેટસ લિબરલ રાખવામાં આવે છે. પરંતુ ટ્રમ્પ સરકારની યોજના અનુસાર વિદેશી વિદ્યાર્થી અમેરિકામાં અભ્યાસના નિશ્ચિત ગાળા સુધી જ અધિકૃત રીતે રહી શકશે. જે સ્પષ્ટ દર્શાવે છે કે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટે અભ્યાસ પુરો થયા પછી અમેરિકાથી સ્વદેશ પરત જવુ પડશે. જો કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અધિકૃત સમયગાળો લંબાવવાનો વિકલ્પ અપાશે. ૩ જુનના રોજ યુએસ ડિપાર્ટ.ઓફ હોમલેન્ડ સિક્યુરીટીએ ઓફિસ મેનેજમેન્ટ એન્ડ બજેટ સમક્ષ સમીક્ષા માટે આ પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પ્રસ્તાવમાં નોન ઈમીગ્રન્ટ એકેડેમિક સ્ટુડન્ટ, એક્સચેન્જ વિઝિટર્સ અને ફોરેન ઈન્ફર્મેશન મીડીયાના પ્રતિનિધિઓ માટે અમેરિકામાં રહેવાનો સમયગાળો નિશ્ચિત કરવા અને રોકાણ લંબાવવાનો નિયમ સામેલ કરાયો છે. ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ દ્વારા થનારી સમીક્ષા નિયમ બનાવવાની પ્રક્રિયામાં અંતિમ પગલાં પૈકીનું એક ગણાય છે. ઓએમબીની સમીક્ષા બાદ પ્રસ્તાવિત નિયમ ફેડરલ રજીસ્ટરમાં પ્રસિધ્ધ કરી તેના અમલ પહેલાં જાહેર સુચનો આમંત્રિત કરાશે. ટ્રમ્પ સરકાર દ્વારા હવે ક્યુરેશન સ્ટેટસ જ હટાવી દેવાનો પ્રસ્તાવ મુકાયો છે.

ચીને આચરેલી હિંસાના જવાબમાં વડાપ્રધાને બોલાવાયેલી બેઠકમાં ચર્ચા દરમિયાન સ્પષ્ટ કરાયું કોઇ ભારતની સરહદમાં ઘુસ્યુ જ નથી

વડાપ્રધાને સર્વપક્ષીય બેઠકમાં લદાખમાં ચીની સરહદે ગલવાન ખીણમાં ભારત અને ચીનના સેનિકો વચ્ચે થયેલી હિંસક અથડામણમાં ભારતના માર્યા ગયેલા વીસ સૈનિકો શહીદ થયા છે તેની પુષ્ટી કરી હતી.તેમજ અમારી કોઈ પોસ્ટ કોઈના તાબામાં નથી. તેમણે કહ્યુ હતું કે ચીને જે કર્યું છે તેનાથી દેશને આઘાત લાગ્યો છે. પરંતુ ભારત શાંતિ અને મિત્રતા ઈચ્છે છે.પરંતુ તેની સાર્વભોમિકતા સર્વોપરિ છે.તમામ વિપક્ષોએ સરહદી પ્રશ્ને સરકારની સાથે હોવાની લાગણી વ્યક્ત કરી હતી.

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ સરહદ પર ચીની સૈનિકો સાથેની અથડામણની ઘટનામાં ગુપ્તચર વિભાગ નિષ્ફળ ગયુ હોવાનો સવાલ સરકારને કર્યો હતો.વડાપ્રધાને બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)અને અસરુદીન ઔવેસીની પાર્ટી અને આમ આદમી પાર્ટીને આમંત્રણ આપવામાં આવ્યું નહોતું.આમ તેઓની સરકારે ઉપેક્ષા કરી હતી.

ચીન સાથે થયેલા ઘર્ષણમાં હાથોહાથની કહેવાતી લડાઈમાં ૨૦ જવાનો શહીદ થયા હતા.શસ્ત્રો વગર સરહદ પર ચોકી કરી રહેલા જવાનો શા માટે શસ્ત્રો વગર ત્યાં હતા તેનો કોઈ ખુલાસો કરાયો નથી. આ લડાઈમાં કેટલાક જવાનોને બંધક બનાવાયા હતા.જે લાંબી રકઝક બાદ મુક્ત કરાયા હોવાના સમાચારો સાંપડ્યા છે. નવાઈ પમાડે તેવી વાત એ છે કે જો સરહદો પર કુસ્તી જ કરવાની હોય તો ત્યાં લશ્કરની શી જરુરીયાત છે.

મહારાષ્ટ્ર સરકારને અસ્થિર કરનારને રાજ્યપાલે કંઇક કહેવું જોઇએ

શિવસેનાએ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીને અપીલ કરી છે કે તમે રાજ્યની સરકારને અસ્થિર કરવાની કોશીશ કરનારાઓને કંઈક કહો.શિવસેનાએ સામનાના તંત્રીલેખમાં સત્તાધારી મહારાષ્ટ્ર વિકાસ અઘાડી ગઠબંધન પાસે બહુમતી કાયમ હોવાનો ભરોસો વ્યક્ત કરીને કહ્યુ કે વિપક્ષી ભાજપ પાસે ૧૦૫ ધારાસભ્યોનું જ સમર્થન છે. શિવસેનાએ આશા વ્યક્ત કરી હતી કે અમે અતુટ છીએ. પરંતુ સરકાર પાસે ૧૭૦ ધારાસભ્યોનું સમર્થન છે. અને જો કુલ ૨૦૦ ધારાસભ્યો તેના સમર્થનમાં આવી જાય તો એ (વિપક્ષને)સરકારને દોષ નહીં આપે. શિવસેનાએ કોશ્યારીને કહ્યુ કે એ લોકોને કંઈક કહો તેમની શક્તિના આધારે સરકારને તેઓ અસ્થિર કરવા માંગે છે. રાજ્યપાલ કોશ્યીયારીને સંત મહાત્મા ગણાવી કહ્યુ કે કોઈ મહાત્મા ષડયંત્રમાં સામેલ હોઈ શકે છે.

વિશ્વભરમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૯ લાખને પાર કરી ગઇ અને મોતનો આંકડો ૪ લાખ સુધી પહોચ્યો

વિશ્વમાં કોરોના મહામારીનો હાહાકાર યથાવત છે. કોરોના સંક્રમણને કારણે થયેલા મોતનો આંકડો ચાર લાખ નજીક પહોચી ગયો છે. કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૯ લાખને પાર કરી ગઈ છે. વિશ્વમાં કોરોનાના મામલામાં અમેરિકા હજુ પ્રથમ નંબરે છે. અમેરિકામાં છેલાલ ૨૪ કલાકમાં ૧૦૦૦થી વધુ મોત નિપજ્યા છે. મોતનો આંકડો ૧,૨૧,૪૯૧ પર પહોચી ગયો છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૯,૭૧,૩૯૯ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ચુક્યા છે.બ્રાઝિલમાં અત્યાર સુધીમાં ૩૫૧૩૯નો મોત થયા છે. અન ૬,૫૦,૫૦૪ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. રશિયામાં ૫૭૨૫ના મોત થયા છે. અને ૪,૫૮,૬૮૯ પોઝીટીવ કેસ નોધાયા છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
#kwws=22#mdjdglvkfkulvwldq1frp
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકkwws=22idfherrn1frp2urelq1gkrodnld પર જોઈ શકાશે

નવક્રાંતિ

વર્ષ ૨૦૨૦માં કોરોના મહામારી,વાવાઝોડા સહિત અનેક સંકટોની વણઝાર અટકી નથી ત્યાં ગુજરાતમાં ભુકંપની સવારી આવી પહોચી. ભુકંપના આંચકા અનુભવતા લોકોમાં ભારે ગભરાટ ફેલાયો.ભુકંપનુ એપી સેન્ટર કચ્છમાં હતું. ભુકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૫.૩ નોધાઇ હતી.જો કે આ વખતે ભુકંપના આંચકામાં કોઇ હાનિ પહોચી નથી તે સારુ છે. પરંતુ ભુકંપના આ આંચકાએ ભુતકાળમાં ભુકંપે વેરેલા વિનાશની યાદ તાજી થઇ ગઇ. મોટા શહેરમાં બહુમાળીયા મકાનોમાં આંચકાનો અનુભવ લોકોને થયો.પાછલા વર્ષોમાં અનુભવાયેલો આ તીવ્ર આંચકો હતો. ૨૦૦૧નો વિનાશક ભુકંપ જોઇ ચુકેલા ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં લોકોમાં ભારે ફફડાટ જોવા મળ્યો હતો. ખેર, કોઇ જાતનું નુકશાન પહોચ્યુ નથી પરંતુ કુદરતે વિવિધ પ્રકારના આંચકા આપ્યા છે.

કોરોના વાઇરસની ગતિ એકદમ વધી રહી છે. અભ્યાસકારોનું માનવું છે કે હજુ વધુ ભયાનક બની શકે છે. મહામારીમાંથી બચવા માટે સરકારે અનેક પ્રયોગ અજમાવ્યા છે પરંતુ તેના કોઇ નક્કર પરિણામ આવી શક્યા નથી. જો કે કોઇ દવા શોધાઇ નહી હોવાથી હવામાં તીર મારવા જેમ કાબુ મેળવવાના પ્રયત્નો ચાલુ છે.પરંતુ ભરડો અજગરની માફક ચારેકોર વીટળાઇ વળ્યો છે. મૃત્યુનો આંકડો વધી રહ્યો છે. આશ્વાસન લેવાનું રહે છે કે અમેરિકાએ સૌથી વધુ નાગરિકોનો ભોગ આપ્યો છે.અને ભારતમાં દવા વગર લોકો સાજા થઇ રહ્યા છે તેવું મોટું આશ્વાસન સરકાર લોકોને આપી રહી છે. પરંતુ જેમના સ્વજનો જતા રહેછે તેમને માટે આવા પોકળ આશ્વાસનોનો કોઇ અર્થ નથી.સારવારના અભાવે લોકો ટટળે છે.સરકારના આંકડાઓ સાચા હોવાનુંમાનવું ભુલભરેલું છે. ખેર,પ્રજાને તેમના હવાલે મુકી દેવાનુ જ સરકાર માટે મોટુ આશ્વાસન છે. બધાની આવક બંધ છે. પછી તે સરકાર હોય કે મંદિરો બધા જ પોતાની આવક માટે રોજ નવા ખેલ પાડે છે. સરકાર પેટ્રોલ ડીઝલના ભાવો રાતોરાત વધારી દીધા છે. સરકારી યોજનાઓ લોકો સુધી પહોચતી નથી પરંતુ લોકોના ખિસ્સા કાતરી લેવા સરકારે જુદા જુદા પ્રકારે યોજનાઓ બનાવી લીધી છે.

હજુ ચીન અને નેપાળ સાથે લડાઇનો મોરચો ચાલુ થયો છે. પાકિસ્તાનના મોરચે હજુ માત્ર સળવળાટ છે નહિતર યુધ્ધના નામે લોકોના ખિસ્સા ખંખેરવાની તરકીબો સરકાર પાસે છે.ભવિષ્યમાં તે પેટે પણ સરકાર ખંખેરી લેશે. ખોવાનું તો માત્ર લશ્કરના જવાનોને છે જેમણે આહુતી આપી દીધી છે.

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
H1pdlo#=#gukdpsdulnkC|dkrr1fr1lq

જાહેર ખબરના ભાવ

આખુ પાન	૩.૧૦૫૦૦	અર્ધું પાન	૩.૫૦૦૦
૧/૪ પાન	૩.૨૫૦૦	૧/૮ પાન	૩.૧૦૦૦
વાર્ષિક પેનલ	૩.૭૨૦૦	માસિક પેનલ	૩.૧૦૦૦

ટચુકડી જાહેરાત ૩.૫૦૦

વ્યવસાયિક જા.ખ. ૩.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ગૌરક્ષા, હિંદુત્વ અને કાયદો : યુપીમાં ગૌહત્યાના ગુનામાં આકરી સજાની જોગવાઇ કરતો વટહુકમને મંજુરી

ઉત્તર પ્રદેશમાં ગાયોની સુરક્ષા અને તેમની હત્યા રોકવા માટે સરકારે એક સુચિત ડ્રાફ્ટના વટહુકમને મંજુરી આપી દીધી છે. આ વટહુકમ હેઠળ ૧૦ વર્ષની સશ્રમ જેલની સજાની સાથે પાંચ લાખ રુપીયા સુધીના દંડની જોગવાઇ કરવામાં આવી છે.

યુપીમાં ગૌવધ નિવારણ(સંશોધન) વટહુકમ ૨૦૨૦ હેઠળ પહેલીવાર ગુના માટે વ્યક્તિને એક લાખથી ત્રણ લાખ રુપીયા સુધીના દંડની સાથે એકથી સાત વર્ષની સજા આપવામાં આવશે. જ્યારે બીજી વાર, અપરાધ કરે તો પાંચ લાખ રુપીયાનો દંડ અને ૧૦ વર્ષની સશ્રમ જેલની સજા કરવામાં આવી શકે છે. નવા કાનુન હેઠળ ગાયો અને અન્ય ગૌજાતીય પશુઓની ગેરકાયદે હેરાફેરીના મામલામાં ડ્રાઇવર,કન્ડકટર અને વાહન માલિક પર આરોપ લગાવવામાં આવશે. વાહન માલિકને એક વર્ષની સજા અથા ગાય કે ગૌજાતીય પશુઓને છોડવા સુધી અને પકડાયેલી ગાયને રાખવા પર થતા ખર્ચની વસુલાત કરાશે.

હવે જેઓ ગાયો કે ગૌવંશનું વેચાણ કરે છે તેમને માટે સજાની જોગવાઇની જરુર છે.

ભારતમાં જેમ સ્ત્રીઓને 'દેવી' અને 'શક્તિનો અવતાર' ગણાવ્યા પછી તેમનું શોષણ કરવામાં તેમને ઉતરતી ગણવામાં કશું બાકી નથી રખાયું, એવી જ રીતે, ગાયોને 'માતા' ગણીને તેમની અવદશા કરવામાં પણ કોઇ કસર રહી નથી.

ચાર વર્ષ પહેલાં ગુજરાત અને હમણાં મહારાષ્ટ્ર-હરિયાણામાં ગૌવંશ હત્યા તથા બીફ(ગૌમાંસ)ના ખરીદ-વેચાણને સજાપાત્ર ગુનો બનાવતાં કાયદા અમલમાં આવ્યા. તેની વાત કરતાં પહેલાં થોડી વકતાઓ નોંધી લઇએ.

ગાંધીજી આસ્થાળુ હિંદુ તરીકે ગાયના પરમ ભક્ત અને ગૌવંશને બચાવવાના આગ્રહી હતા.સંઘ પરિવાર અને હિંદુ મહાસભા પ્રકારના, હિંદુ ધર્મના બની બેઠેલા ઠેકેદારો પણ પોતાને પ્રખર ગૌભકત ગણાવતા હતા.ગાયની કતલ સામે તેમને વાંધો હતો, પણ ગાંધી હત્યાથી તેમાંના ઘણા રાજી થયા હતાં -અને એવા વિચારવાળા ઘણાને હજુ પણ ગાંધીજી હત્યાનો અફસોસ થતો નથી.

મહારાષ્ટ્રમાં બીફ વિરોધી કાયદો આવ્યા પછી કતલખાના ચલાવનારાઓએ હડતાલ પાડી.તેના લીધે મુંબઇમાં સંજય ગાંધી નેશનલ પાર્કના હિંસક પ્રાણીઓને તેમના રોજીંદા ખોરાક વગર ચલાવવુ પડ્યું. સંજય ગાંધીના પત્ની મેનકા ગાંધી પ્રખર પશુપ્રેમી તરીકે જાણીતા છે.પરંતુ એક તરફ વાઘ-સિંહ અને બીજી તરફ હિંદુત્વના રક્ષકો વચ્ચે મેનકા ગાંધી શુ કરી શકવાના ?

દંભનું પ્રતિક

ગાય સાથે સંકળાયેલા કેટલાક મુખ્ય મુદ્દા : ગોપાલન- ગોસંવર્ધન, ગૌરક્ષા અને ગૌમાંસ, હિંદુત્વવાળા આ મુદ્દાને એકરૂપ અને એકબીજા સાથે ગુંચવાયેલા ગણવાને બદલે, તેમને અલગ પાડે છે અને તેમાંથી પોતાના સ્વાર્થને અનુરૂપ એવા મુદ્દા ચગાવે છે.સૌથી પહેલો સવાલ ગોપાલન-ગોસંવર્ધનો લઇએ, રખડતી ગાયો સામે કડક કાર્યવાહી થાય ત્યારે, સામેનો પક્ષ આકમક બચાવમાં કહે છે 'ગાય તો માતા કહેવાય. એને હાંકીને ડબ્બામાં પુરતા શરમ આવવી જોઇએ' પરંતુ આવી દલીલ કરનારને એટલું જ પુછવાનું થાય કે 'વધારે શરમ કોને આવવી જોઇએ '? રસ્તે રઝળતી 'માતા'ને લઇ જનારને કે પછી ગાયને માતા કહ્યા પછી તેને રસ્તે રખડતી મુકી દેનારને ?'

ભારતમાં જેમ સ્ત્રીઓને દેવી અને શક્તિનો અવતાર ગણાવ્યા પછી તેમનું શોષણ કરવામાં-તેમને ઉતરતી ગણવામાં કશું બાકી નથી રખાયું.એવી જ રીતે, ગાયોને માતા ગણીને તેમની અવદશા કરવામાં પણ કોઇ કસર રહી નથી.એ હિંદુ ધર્મના નામે ચાલતા દંભનું વરવું પ્રતિક છે. ભારતમાં ગાયોની દયનીય સ્થિતિ વિશે ક્યાંય તપાસ કરવા જવાની જરુર નથી. રસ્તે ચાલતાં જ તેનો પ્રત્યક્ષ અનુભવ થઇ શકે એમ છે.ગૌભકિત અને ગૌરક્ષાની બડી બડી વાતો કરનારા રાજનેતાઓને ગોચરની જમીનો વેચાઇ જાય ત્યારે ગાયનું હિત યાદ આવતું નથી. ભારતમાં ગાયોની અને પાંજરા પોળની અવદશા ગાંધીજીના સમયથી શરમનો અને ચિંતાનો વિષય રહ્યા છે.તેમના સમયમાં ગાયો કોમી લાગણી ઉશ્કેરનારુ પરિબળ પણ બની હતી. બીજી તરફ,ગાયો માટે ગાંધીજીએ ક્યારેક આશ્ચર્યજનક લાગે એ હદનો પુજ્યભાવ પ્રગટ કર્યો હતો.છતાં,અનેક વાર તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું, કાયદાથી ગાયની કતલ કદી અટકાવી નશકાય...જેમ કોઇ માણસનો જાન બચાવવા,એ જાન ગમે તેવો કિંમતી હોય તો પણ હું ગાયની હિંસા ન કરુ, તેવીજ રીતે કોઇ ગાયનો જાન બચાવવા હું માણસની પણ હિંસા ન કરું... આખી પૃથ્વીના લોકો ગાયની રક્ષા કરતા થઇ જાય એટલો મોટો મારો મનોરથ છે, પણ તેમાટે મારે પ્રથમ તો મારુ ઘર સારી રીતે સાફ કરવું જોઇએ... કાયદો કરીને ગોવધ બંધ કરવાથી ગૌરક્ષા નથી થઇ જતી, એ તો ગૌરક્ષાના કાર્યનો અલ્પમાં અલ્પ ભાગ છે.જે કાયદાની સામે સમજુ અને વ્યવસ્થિત લોકમતનો વિરોધ હોય અથવા ધર્મને બહાને નાનકડા મંડળનો પણ વિરોધ હોય તો તે કાયદો સફળ ન થાય.

પરંતુ પોતાની ટુંકી સમજ પ્રમાણે કે પછી રાજકીય ચાલબાજી મુજબ હિંદુત્વની વાતો કરનાર ગાયો ઉપરાંત બળદ અને વાછરડાં(ગૌવંશ)ની કતલ પર પ્રતિબંધ મુકીને પોતાની ગૌભક્તિ માટે પોરષાય છે.મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર બની એટલે તેના શરુઆતનાં કામોમાં એક ગૌરક્ષા વિરોધી કડક કાયદો બનાવવાનું હતું. આ જાતના કાયદામાં કરવા ખાતર ગાયોની દેખરેખ રાખવાની વાત થઇ હોય, પણ ખરો ભાર અને કાયદાની ખરી રાજકીય અપીલ ગોહત્યા કરનાર માટે જાહેર કરાયેલી સજામાં હોય છે.તેનાથી દર્શાવી શકાય છે કે 'જુઓ જુઓ ,અમે કેવા સુપરહિંદુ છીએ, અમે હિંદું વિરોધી ગોવિરોધીઓ સામે કેવા કડક હાથે કામ લઇએ છીએ.'

મહારાષ્ટ્રના કાયદા પ્રમાણે, ગાયો ઉપરાંત બળદોની કતલ ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.સાથો સાથ બીફની ખરીદી કે તેના વેચાણને પણ ગુનો ઠરાવવામાં આવ્યો છે. નવા કાયદા પ્રમાણે,કોઇ બીફ વેચતા કે ખરીદતા પકડાય તો તેને રૂ. ૧૦ હજારનો દંડ અને મહત્તમ પાંચ વર્ષ સુધીની જેલની સજા થઇ શકે છે.કાયદામાં દંડ અને સજાની જોગવાઇ હોય છે.('તોડ'ની રકમ તો બંન્ને પક્ષો વચ્ચે પરસ્પર સમજુતીથી નક્કી થાય છે

દરમિયાન હરિયાણામાં ભાજપની સરકારે પણ આ પ્રકારનો કાયદો પસાર કરી દીધો છે. તેમાં ઠરાવ્યા પ્રમાણે, ગૌહત્યા માટે જવાબદાર વ્યક્તિને મહત્તમ દસ વર્ષની જેલની સજા અને રૂ૩૦ હજારથી રૂ એક લાખ સુધીનો દંડ થઇ શકે છે.બીફ વેચનારને મહત્તમ પાંચ વર્ષની સખત કેદની સજા અને રૂ ૫૦ હજાર સુધીનો દંડ થઇ શકે છે. આ બાબતમાં મહારાષ્ટ્ર અને હરિયાણાં કરતા ગુજરાત આગળ છે.ગુજરાતમાં વર્ષ ૨૦૧૧માં પસાર થયેલા કાયદા અંતગર્ત ગૌહત્યા ઉપરાંત કતલના હેતુથી ગાયોની હેરફેર કરનાર અને બીફ વેચનાર-ખરીદનારને પણ આવરી લેવામાં આવ્યા છે.તેમાં વધુમાં વધુ સાત વર્ષની જેલની સજા અને મહત્તમ રૂ ૫૦ હજારના દંડની જોગવાઇ છે.પરંતુ આજ સુધી ગાયોની કતલ કરનારને કે વેચનારને સજા ક દંડ થયો હોય તેવા પ્રસંગો કે ઘટના બહુ જ જવલ્લેજ જોવા કે સાભળવા મળી છે.

ગાયોની દેખભાળ રાખી ન શકતી અને ગોચરની જમીનો હડપ કરી જતી સરકારોને ગૌરક્ષાના નામે વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર તરાપ મારતા કાયદા બનાવવાનો શો અધિકારછે, એ પાયાનો સવાલ છે.ખેતીવાડીમાં ગાયોના મહત્વને લઇને તેમના રક્ષણ માટે પ્રયાસ થાય તે આવકાર્ય છે,પણ એ પ્રયત્નો નકારાત્મક ,દંડાત્મક નહી,વિધેયાત્મક હોવા જોઇએ. રાજકીય સ્વાર્થ કે ટોકન હિંદુત્વથી પ્રેરિત આવા કાયદાના બચાવમાં ઘણા ભાજપી નેતાઓ ગાયના આર્થિક મહત્વના ગાણાં ગાવા અને ખેતી તેમનું મહત્વ સમજાવવા બેસી જાય છે, કેમ જાણે એ લોકો સવાર-સાંજ ગાયોના પુંછડા આમળીને, ડચકારા બોલાવતાં બોલવતાં ખેતી કરતા હોય,ખેતીમાં યંત્રોના વધતા ઉપયોગને કારણે બળદો બેકાર થઇ રહ્યા છે. તેમનાં છાણ-મુત્ર 'ઓર્ગેનિક જંતુનાશક' તરીકેના ઉપયોગો વિશે પણ બઢાવી ચઢાવીને રજુ કરાતી વાતો કરતાં હકીકત જુદી છે. આંકડાના આધારે એવું તારવવામાં આવ્યું છે કે પશ્ચિમ બંગાળ,આંધ્ર પ્રદેશ કે તામિલનાડું જેવા રાજ્યોમાં ગૌહત્યા સામે આકરા કાયદા ન હોવા છતાં, એ રાજ્યો ખેતીવાડીમાં મોખરે છે. ગાયોનો મુદ્દો રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક બનાવવાને બદલે, તેના વ્યવહારુ પાસાં ગણતરીમાં લઇને પાંજરા પોળોમાં આવા પ્રાણીઓની સારસંભાળ લઇ શકે અને એમના ખાણદાણની સંપુર્ણ જવાબદારી સરકારે સમાજે લેવાની જરુરી છે.અને તોજ કતલખાને જતાં પશુઓને બચાવી સખાશે. પરંતુ હિંદુ સંસ્કૃતિ અને ગાયમાતનાડાબલા ચડાવી દીધા પછી,ભ્રષ્ટાચાર,કોમી લાગણ અને ધાર્મિક સંકુચિતતા સિવાય બીજા કોઇને આવા કાયદાથી લાભ થાય એમ લાગતું નથી.

લેખક : ઉર્વીશ કોઠારી,(સૌ. ગુ.સ.)

અનામત મૌલિક અધિકાર નથી : સુપ્રીમ કોર્ટે સુનાવણી કરવાનો ઇન્કાર કર્યો

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કહ્યુ હતું કે અનામત એ મૌલિક અધિકાર નથી. તામિલનાડુમાં મેડીકલ કોલેજોમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના ઉમેદવારો માટે ક્વોટા અંગે કરાયેલ અનેક અરજી પર સુનાવણી કરતાં કોર્ટે આ ટિપ્પણી કરી હતી.જસ્ટીસ એલ.નાગેશ્વરરાવની વડપણ હેઠળની બેન્ચે કહ્યુ છે કે કોઇપણ અનામત માટેના અધિકારને મૌલિક અધિકાર નથી કહી શકાતું. આથી ક્વોટાનો લાભ ન આપવો એ કોઇ બંધારણીય અધિકારનું ઉલ્લંઘન ન માની શકાય.

જસ્ટીસ રાવે કહ્યુ છે કે અનામતનો અધિકાર એ મૌલિક અધિકાર નથી. આ આજનો કાયદો છે.સીપીઆઇ,ડીએમકે અને અન્ય નેતાઓ દ્વારા કરાયેલી અરજીમાં કહેવાયું હતું કે તામિલનાડુમાં ૫૦ ટકા સીટો માટે ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ ૨૦૨૦-૨૧ના પાઠયક્રમો માટે અખીલ ભારતીય ક્વોટામાં રાજ્યમાં અનામત રાખવા જોઇએ. અરજીઓમાં કહેવાયું છે કે કેન્દ્ર સરકારના સંસ્થાનોને બાદ કરતાં અન્ય તમામ ઓબીસી ઉમેદવારોને ઓલ ઇન્ડીયા ક્વોટા હેઠળ આપવામાં આવેલી સીટોથી બહાર કોલેજોમાં પ્રવેશ મળવો જોઇએ.

સ્વાદ અને સુગંધ ગુમાવ્યા હોય એ પણ કોરોનાના લક્ષણ : આરોગ્ય મંત્રાલયે આ લક્ષણોનો ઉમેરો કર્યો

દેશમાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યા છે અને તેના નવા લક્ષણોનો ઉમેરો થઇ રહ્યો છે.કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સુંઘવાની ક્ષમતામાં કમી અને ભોજનનો સ્વાદ નહીં આવવો, આ બંન લક્ષણો કોરોનાના લક્ષણોના લિસ્ટમાં સામેલ કરી દીધા છે. આ દર્દીઓને એસિમ્પ્ટોમેટિક નહીં ગણાય. તેમના ટેસ્ટીંગથી માંડીને હોસ્પીટલમાં દાખલ કરવા સહિતના તમામ લાગુ પડતા પ્રોટોકોલમાં સબંધિત ફેરફાર કરવામાં આવશે.

ભારતમાં કોરોના વાયરસના એવા હજારો દર્દીઓ છે જેમાં વાયરસના ગંભીર લક્ષણો દેખાતા નથી તેમ છતાં તેમના કોરોના વાયરસની બિમારીના રિપોર્ટ પોઝીટીવમાં આવે છે. આવા દર્દીઓને એસિમ્પ્ટોમેટિક કહેવામાં આવે છે. જેમાં લક્ષણો દેખાતા નથી. પરંતુ કોરોના વાયરસ ઉપસ્થિતિ હોય છે.

કોરોનાના સામાન્ય લક્ષણમાં દર્દીને તાવા આવે છે. સુકો કફ અને થાક અનુભવાય છે. આ સિવાય ગળુ સુકાવું, શરીર અને માથામાં દુખાવો,સ્કિન સુકી થવી, પગ અને હાથની આંગળીઓનો રંગ બદલાઇ જવા જેવા લક્ષણો સામેલ છે. ગંભીર રીતે પીડીત દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થાય છે. અને માથામાં દર્દની સમસ્યા પણ થાય છે. ભારતમાં કોરોનાનો આંકડો ત્રણ લાખથી વધી ગયો છે. રોજના ૪૦૦ થી ૫૦૦ દર્દીઓના મોત નીપજે છે.ખરાબ બાબત એ છે કે કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા એકદમ વધી ગઇ છે.

DJQHOR#IUHH#PDUULDJH
VHUYHFHV#LQGLD
djqhoriuhhpduuldjhexuhdxCjpdlo1frp1
sdupdubndqx5335C|dkrr1fr1lq
#####kwws=22mdjdglvkfkulvwldq1frp2
#####Frqdfw#Qr133<4#<;577;<677/
#####+U,33<4059<50593665

હવાઇ-રેલવે સેવાઓ માટે આરોગ્ય સેતુ એપ ફરજીયાત નથી : કેન્દ્ર સરકારની સ્પષ્ટતા

હવાઇ અને રેલવે મુસાફરી કરતા લોકો માટે આરોગ્ય સેતુ એપ ફરજીયાત કરવાના સરકારના આદેશ સામે થયેલી રીટ દરમિયાન સરકારે સ્પષ્ટતા કરી હતી. કર્ણાટક હાઇકોર્ટ ખાતે યોજાયેલી સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે જણાવ્યુ હતું કે હવાઇ અને રેલવે મુસાફરી કરનારા લોકો માટે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવી કે બતાવવી ફરજીયાત નથી. લોકો માટે આ એક વૈકલ્પિક વ્યવસ્થા છે. લોકો ઇચ્છે તો સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ દ્વારા પણ પોતાની માહીતી અને વિગતો આપી શકે છે.

કર્ણાટક હાઇકોર્ટના ચીફ જસ્ટીસ અભય શ્રીનિવાસ ઓખા અને જસ્ટીસ ઇ.એસ.ઇન્દરેશની બેન્ચ સામે થયેલી એક અરજીની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે પોતાનો જવાબ રજુ કર્યો હતો.એક એનજીઓ માટે સેવા પુરી પાડતા અને સોફ્ટવેર એન્જીનીયર અનિવર એ.અરવિંદે હાઇકોર્ટ સમક્ષ લોકોના ડીજીટલ અધિકારો મુદ્દે અરજી કરી હતી.તેના સંદર્ભમાં થોડા દિવસ પહેલા હાઇકોર્ટે નોટિસ પાઠવીને કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો હતો.

હાઇકોર્ટમાં કેન્દ્ર વતી હાજર થયેલા એડિશનલ સોલિસીટર જનરલ ઓફ ઇન્ડીયા(કર્ણાટક હાઇકોર્ટ) એમ.બી.નારાગુડે જણાવ્યુ કે કેન્દ્ર દ્વારા જારી કરવામાં આવેલી નવી ગાઇડલાઇન્સ પ્રમાણે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવી અને તેનો ઉપયોગ કરવો તે વૈકલ્પિક છે. તાજેતરમાં લોકોને નવા વિકલ્પ આપવામા આવ્યા છે. તેમાં પણ ખાસ કરીને લોકોને પોતાની માહિતી આપવા માટે સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ ભરવાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. તેમણે કહ્યુ કે આરોગ્ય સેતુમાં જે સુવિધા આપવામાં આવી છે તેવી જ વિગતો સેલ્ફ ડિક્લેરેશન ફોર્મમાં પણ આપવામાં આવી છે.

વડાપ્રધાનના આર્થિક સલાહકારે જ રાહત પેકેજમાં સુધારાની ભલામણ કરી : હજુ બહેતર પેકેજ આપી શકાય : આશિમા ગોયેલ

વડાપ્રધાનના આર્થિક સલાહકાર પરિષદના એક સભ્યે જ કોરોના મહામારી માટે જાહેર કરાયેલા ૨૦.૯૭ લાખ કરોડના રાહત પેકેજ સામે સવાલો ઉઠાવ્યા છે અને કહ્યુ છે કે આમાં વધુ સુધારણાની સંભાવના હતી. અર્થવ્યવસ્થાને પ્રોત્સાહિત કરવા માટે સરકારે માંગને પ્રોત્સાહન આપવાની જરુર હતી.

પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડ્રસ્ટીઝની એક ચર્ચાને સંબોધિત કરતાં આશિષ ગોયેલે કહ્યુ હતું કે આર્થિક પેકેજ પોતાનામાં દરેકરીતે પુર્ણ નથી.પેકેજમાં ખામી દુર કરીને તેને બહેતર બનાવવાની સંભાવના છે. કોરોના જેવી મહામારી દરમિયાન દેશની ભાંગ પડેલી અર્થ વ્યવસ્થાને બચાવવા માટે સરકારે ૨૦ લાખ કરોડ રુપીયાના આત્મ નિર્ભર ભારત અભિયાન પેકેજની જાહેરાત કરી હતી. આ પેકેજની વિગતવાર તબક્કાવાર માહીતી નિર્મલા સિતારામને આપી હતી. જે પછી આ આર્થિક સુધારાઓને લઇને સરકારની ટીકા કરવામાં આવી રહી હતી.

તંગદીલી વચ્ચે લડાખથી અરુણાચલ સુધી ચીની સેનાનો સરહદ પર ખડકલો

ભારત અને ચીનની સરહદો પર સૈન્ય સ્તરની વાતચીત ચાલતી હોવા છતાં તંગદીલી યથાવત છે. ચીને પુર્વ લડાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) ની આજુબાજુ પોતના સશસ્ત્ર દળોની તૈનાતી જાળવી રાખી છે. તે જોતા ભારતે પણ પોતાની સેના સરહદે ગોઠવી દીધી છે.ચીનની સેના લડાખથી અરુણાચલ પ્રદેશ સુધી ગોઠવાઇ છે. સરહદી વિવાદને જોતા ભારતે આ વિસ્તારમાં રિઝર્વ દળોને પણ મોકલી દીધા છે. ચીન સાથે ઘણા આત્મિયતાના સબંધો હોવાના વડાપ્રધાન મોદીના દાવા છતાં ચીન સરહદ પર પોતાની મનમાની કરી રહ્યુ છે. ચીન સરહદ બાબતે બોલતું પાળતું નથી. લડાખમાં ચીને જે હરકત કરી છે તે જોતા તેના પર ભરોસો રાખી ના શકાય તેનો ઇરાદો ખબર પડતી નથી. આ તમામ સ્થિતિ જોતાં લડાખ વિસ્તારમાં વધારાના સૈનિકો ગોઠવી દેવાયા છે. હિમાચલ પ્રદેશ,ઉત્તરાખંડ,સિક્કીમ અને અરુણાચલ પ્રદેશમાં પણ સેનાએ સંપુર્ણ તૈયારી કરી રાખી છે. હિમાચલ પ્રદેશમાં વધારાની સેના ગોઠવાઇ છે. સેના કોઇપણ સ્થિતિની સામનો કરવા તૈયાર છે.

નેપાળે જે રીતે ભારતનો વિસ્તાર હડપ કર્યો છે તે જોતાં ભવિષ્યમાં ચીન પણ સરહદી વિસ્તારોને પોતાના જણાવતું આવ્યું છે અને તેમના નકશાઓમાં તેને ચીનનો વિસ્તાર ગણાવતું રહ્યુ છે. રાતોરાત ચીન આ વિસ્તારો પર કબજો જમાવી લે તેવું બની શકે છે. આપણે પડ્ની છાતી સાંકડી કરી બેસી જવું પડે.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાણવા જેવું

કોલબંસ પહેલાં ફર્ડિનાન્ડ મેગલન અમેરીકા ખંડ શોધવા માટે નિકળ્યો હતો.

ડોલ્ફીન સાઇઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઇંડા મુકે છે.

ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ઘોડીને છત્રીસ દાંત હોય છે.

ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.
આપનું#લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.
નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

દેશની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ,સુધારો કરવામાં એક વર્ષ લાગી જશે : સીઆઇઆઇ

કોરોના વાઇરસને કારણે દેશભરમાં લાગુ લોકડાઉન વચ્ચે સીઆઇઆઇ દ્વારા એક સર્વે કરવામાં આવ્યો જેના ચોકાવનારા પરિણામો આવ્યા હતા. આ સર્વે દ્વારા જાણવા મળે છે કે દેશની આર્થિક સ્થિતિ સારી નથી. કામકાજ ખુબજ પ્રભાવિત થાય છે.સીઆઇઆઇ દ્વારા જારી કરાયેલા સર્વેમાં જણાવાયું છે કે દેશની આર્થિક સ્થિતિ ખરાબ છે. આ સ્થિતિમાં સુધારો કરવામાં એક વર્ષ જેટલો સમય લાગી જશે. સર્વેમાં ભાગ લેનારલી ૬૫ ટકા કંપનીઓએ સ્વીકાર્યુ કે એપ્રિલ-જુન મહિનામાં ત્રિમાસિક ગાળામાં તેમની આવક ૪૦ ટકા ઘટી જશે. સુત્રોના મતે સર્વેના પરિણામો જણાવે છે કે આર્થિક સુસ્તી દેશમાં લાંબો સમય પ્રવર્તી રહેશે. સર્વેમાં જોડાયેલા ૪૫ ટકા સીઇઓએ જણાવ્યુ કે દેશવ્યાપી લોકડાઉન હટાવવામાં આવશે અને બધું જ સામાન્ય થશે.ત્યારે અર્થતંત્રને સામાન્ય કરતાં એક વર્ષ જેટલો સમય લાગી જશે. આ સર્વેમાં ૩૦૦થ વધારે કંપનીઓના સીઇઓને સાંકળવામાં આવ્યા હતા. તેમાં ૬૬ ટકાથી વધારી સીઇઓ એમએસએમઇ ક્ષેત્રોના હતા.

અડધાથી વધારે કંપનીઓએ જણાવ્યુ કે લોકડાઉન ખુલ્યા બાદ તેમના ક્ષેત્રમાં કર્મચારીઓની છટણી થશે. ૪૫ ટકા સીઇઓએ જણાવ્યુ હતું કે આગામી સમયમાં ૧૫ થી ૩૦ ટકા કર્મચારીઓએ નોકરી ગુમાવવી પડશે.બીજી તરફ ૬૬ ટકા લોકોએ જણાવ્યુ કે હજી તેઓ કંપનીણાં કે ક્ષેત્રોમાં છટણી કરવામાં આવી નથી પણ આગામી સમય કેવો હશે તેના ઉપર આધાર છે.

કંપનીઓ જણાવે છે કે ટ્રાન્સપોર્ટેશન બંધ હોવાના કારણે સૌતી વધારે મુશ્કેલી પડી રહી છે. ઉત્પાદનોની માંગમા ઘટાડો થવાના કારણે આર્થિક કામકાજને સૌથી મોટો પડકારનો સામનો કરવો પડશે. આર્થિક ગતિવિધિઓ પ્રભાવીત થઇ છે. ઉદ્યોગોને ઉપર લાવવા માટે પ્રોત્સાહન પેકેજ આપવા જોઇએ જેથી તેમનું કામકાજ ચાલે અને રોજગારી બચાવી શકાય

વૈશ્વીક પ્રેસ સ્વતંત્રતા સુચકાંકમાં ભારત ૧૮૦ દેશોમાં ૧૪૨માં ક્રમે

સ્વતંત્ર પત્રકારત્વની તરફેણ કરનારા સંગઠન રિપોર્ટસ વિધાઉટ બોર્ડર્સના વર્ષે બહાર પડેલા વાર્ષિક વિશ્લેષણમાં વૈશ્વિક પ્રેસ સ્વતંત્રતા સુચકાંકમાં ભારત બે ક્રમે નીચે ધકેલાયું છે. અને ભારત ૧૮૦ દેશોની યાદીમાં ૧૪૨માં ક્રમે આવે છે.કોગ્રેસે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસે પોતાના સંદેશામાં આરોપ લગાવ્યો હતો કે ભાજપ લોકતંત્રના ચોથા સ્થંભનો નાશ કરવા તૈયાર છે.

વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના અવસરે સુચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યુ કે ભારતમાં પ્રેસને પુર્ણ સ્વતંત્રતા છે. અને એ સર્વેક્ષણોનો ભાંડો ફોડીશું. જેમાં દેશના પ્રેસની આઝાદી અંગે ખરાબ છબી રજુ કરવાનો પ્રયાસ કરાયો છે. જાવડેકરે કહ્યુ કે મીડીયાની પાસે લોકોને જાણ કરવા અને તેમનું માર્ગદર્શન કરવાની શક્તિ છે.

આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસે રિપોર્ટ્સ વિધાઉટ બોર્ડ્સે જણાવ્યુ કે ભારતીય પ્રશાસ હેઠળના કોમ્યુનીકેશન બ્લેક આઉટને કારણે એ વિસ્તારમાં શું બની રહ્યું છે તે અંગે રિપોર્ટ કરવામાં પત્રકારોને મુશ્કેલી વધી રહી છે.

પ્રિન્ટ મીડીયા અને ઇલેક્ટ્રોનીક્સ મીડીયા બેઉમાં પત્રકારિતાનો હાશ થઇ રહ્યો છે. કેટલાક માત્રને માત્ર સરકારની જી હજુરી ને જ પત્રકારત્વ માનતા હોય છે અને કેટલીક ચેનલો માત્ર ભકિત જ કરતી હોય છે. પરિણામે પત્રકારત્વનું અસ્તિત્વ જ ભુસાઇ જતું હોય ત્યાં કોનો ભાંડો ફોડવાનો છે તે એક રહસ્ય રહેશે.

ગુજરાતની રાજ્ય સભાની ચાર સીટો પૈકી ત્રણ પર ભાજપે જીત નિશ્ચિત કરી જ્યારે કોગ્રેસના બે પૈકી એક ઉમેદવાર શક્તિસિંહ ગોહિલ ચુંટાયા

ગુજરાતની રાજયસભાની ચાર બેઠક માટે યોજાયેલી રસાકસી ભરેલી ચુંટણીમાં ભારે ઉત્તેજના વચ્ચે આખરે નરહરી અમીન સહિત અભય બારદ્વારજ, રમીલાબેન બારાનો વિજય થયો હતો. જ્યારે કોગ્રેસના શક્તિસિંહ ગોહિલ ચુંટાયા હતા.અને ભરતસિહ સોલંકી જીતી શક્યા નહોતા.અપેક્ષા પ્રમાણે શક્તિસિંહનો વિજય થયો હતો જ્યારે ભરતસિંહ સોલંકીને ૪.૨૦ મત ઓછા મળતાં એમની હાર થઇ હતી.જો કે કોગ્રેસે ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીના મત રદ કરવા ચુંટણી પંચ સમક્ષ વાંધા રજુ કર્યા હતા.

પરિમલ નથવાણી આંધ્રપ્રદેશમાં રાજ્યસભા માટે ચુંટાયા

રાજ્યસભાના સભ્ય તરીકે ૨૦૦૮થી સતત બે ટર્મ માટે ઝારખંડમાંથી ચુંટાનારા પરિમલ નથવાણી વાય.એસ.આર.કોગ્રેસ પાર્ટીના ઉમેદવાર તરીકે આંધ્રપ્રદેશમાંથી ચુંટાયા છે. પરિમલ નથવાણી રિલાયન્સ ઇન્ડ્રસ્ટ્રીઝના સિનિયર ગ્રુપ પ્રેસિડેન્ટ છે. તેઓ આર.આઇ એલના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર મુકેશ અંબાણીની કોર ટીમના મુખ્ય સભ્ય છે.

હિઝબુલ મુઝાહીદીનના બે આતંકી સાથે પકડાયેલ ડીએસપી દેવિન્દર ચાર્જશીટ ફાઇલ નહી થવાને કારણે જામીન પર છુટી ગયો

જમ્મુ કાશ્મીરમાં હિઝબુલ મુજાહિદીનના બે આંતકીઓને લઇને પોતાની કારમાં દિલ્હી લઇ જતાં પકડાયેલા ડીએસપી દેવિન્દરસિંહને જામીન મળી ગયા છે. દિલ્હીની એક અદાલતે દેવિન્દર સિંઘને જામીન આપી દીધા છે. એવું કહેવાય છે કે દિલ્હી પોલિસ સસ્પેન્ડેડ ડીએસપી દેવીન્દર સિંહ સામે ચાર્જશીટ ફાઇલ ન કરી શકવાથી કોર્ટે તેને જામીન આપી દીધા હતા.આમ આ અતિ ગંભીર કેસમાં પોલીસની બેદરકારી સામને આવી છે. પોલીસે સરદની અંદર આતંકીઓની મદદ કરનારા પોલીસ અધિકારી સામે ચાર્જશીટ ફાઇલ જ ન કરતાં તેને સીધો લાભ મળ્યો છે. નક્કી કરાયેલી સમય મર્યાદામાં ચાર્જશીટ દાખલ ન થાય તો આરોપીને કોર્ટમાંથી જામીન મળી શકે છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

કાર ભાડે મળશે

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક:
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક #<;5849<6;9

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.
સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રી: રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.